# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/કપ/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 3651-6 તારીખ : 28-5-19

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
આશા એન્જીનીઅરીંગ વર્કસ
પ્લોટ નં.૨૬ શેડ નં.બી-૧/૨ જી.આ.ડી.સી આરંભડા ,
મું. પો. : આરંભડા , તા. : દ્વારકા, જી. : જામનગર ,

વિષય : લોડ ઘટાડવા બાબત..

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૮-૦૩-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : કપ/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( [illegible]ફેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, દ્વારકા.
જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, દ્વારકા.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૫/ક્વા-૪/૨૦૧૮-૧૯/** **તા.**

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG- ૬૫/ક્વા-૪/૨૦૧૮-૧૯**

અરજદાર: આશા એન્જીનીઅરીંગ વર્કસ ગામ: આરંભડા
રજૂઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – વિભાગીય કચેરી, દ્વારકા
રજૂઆત કરનાર: એન. એચ. વીસણા, નાયબ ઈજનેર, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી જામનગર, અને
કે.એ.ઓઝા,નાયબ ઈજનેર, કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર
તારીખ: ૨૧-૦૫-૨૦૧૯ ( મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૧-૦૫-૨૦૧૯ ( મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર આશા એન્જીનીઅરીંગ વર્કસ મું. પો. : આરંભડા ખાતે ગ્રાહક નં. ૮૨૫૦૩/૦૦૦૧૦/૦ થી ૨૦ હોપા
મુજબ નુ એનઆરજીપી ટેરીફ હેઠળ નુ વીજજોડાણ ધરાવે છે. તેઓનુ સદર યુનીટ વર્ષ–૨૦૧૪ થી બંધ કરેલ હોય –
૨૦ હોપા થી ૦૫ હોપા નો વીજભાર ઘટાડો કરવા માટે ની અરજી – રૂ.૪૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરી
તા.૦૩–૧૨–૧૮થી કરેલ છે. તેમ છતા, પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા સમયમર્યાદા મા કાર્યવાહી કરાયેલ ન
હોય, મીનીમમ માસીક વીજબીલ રૂ.૧,૦૦૦/– તેઓનુ યુનીટ બંધ હોવા છતા, ભરપાઈ કરવાનો બોજો ભોગવવો
પડે છે. જેથી, અરજદારે અગાઉ ભરપાઈ કરેલા વીજબીલ ની રકમ રીફંડ મેળવવા માટે તેમજ વીજબીલમાં વીજભાર
ઘટાડા ની અસર – અરજી નોંધણી થયેથી મળવા અંગે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- આશા એન્જીનીયરીંગ વર્કસ દ્વારા ઓખા પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. આરંભડા ખાતે લોડ ઘટાડવા બાબત માટે રજૂઆત કરેલ. સદર બાબતના અનુસંધાને જણાવવાનું કે,અરજદારની અરજીને ધ્યાને લઇ તેનો લોડ ઘટાડો કરી આપેલ છે તથા તનો એલટી બિલિંગ માં પણ ખરાચ કરેલ છે. સદર બાબતની સમાધાન પુરશિસ આ સાથે ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ અન્વયે અરજદારની સદર ફરિયાદનું સંતોષકારક નિરાકરણ થતા - અરજદારે સમાધાન પત્ર તા.૧૮–૦૫–૧૯ થી લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot